
## જન્મશતાબ્દી પુસ્તકમાળા

# જીવંત વિભૂતિઓ પાસે ભાવભરી અપેક્ષાઓ





ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર

http://awgp.org

## જીવંત વિભૂતિઓ પાસે ભાવભરી અપેક્ષાઓ

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ અને ભાઈઓ, ભગવાને ગીતામાં વિભૂતિ યોગના દસમા અધ્યાયમાં એ વાત જણાવી છે કે જે કાંઈ પણ અહીં શ્રેષ્ઠ જણાય છે, વધુ ચમકદાર દેખાય છે, તે મારા જ વિશેષ અંશ છે. જયાં પણ વધારે ચમક દેખાય છે તે મારા વિશેષ અંશ છે. તેમણે જણાવ્યું છે કે વૃક્ષોમાં હું પીપળો છું, છલમાં હું જુગાર છું, વેદોમાં હું સામવેદ છું, સર્પોમાં હું વાસુકિ છું, અમુકમાં હું અમુક છું વગેરે. મારામાં આ બધી જ વિશેષતાઓ છે. મિત્રો ! તમને જયાં પણ ક્યાંય પ્રકાશ દેખાય છે તે બધી જ ભગવાનની દિવ્ય વિભૂતિઓ છે અને જયાં જેટલી વધારે વિભૂતિઓનો અંશ છે ત્યાં આપણે એમ માનીને ચાલવું પડશે કે આ જન્મમાં કે અગાઉના જન્મોમાં તેમણે આ સંપત્તિનું ઉપાર્જન કર્યું છે. જો તેમણે આ ઉપાર્જન નથી કર્યું, તો પછી સામાન્ય મનુષ્યોની તુલનામાં તેમનામાં આ વિશેષતા શાથી જોવા મળે છે ? તેમની કંઈક વિશેષ જવાબદારી અને વિશેષ કર્તવ્ય છે. એટલે જેમની અંદર કંઈક વિશેષ પ્રભાવ અને વિશેષ ચમક જોવા મળે છે એમને ઉદ્બોધન કરવું જોઇએ.

## સંપતિ સામે વિભૂતિ

મિત્રો ! વિશેષ પ્રભાવ અને વિશેષ ચમક શું છે ? તે એ છે, જેને આપે વિભૂતિઓ કહીએ છીએ. કેટલીક સંપદાઓ હોય છે, કેટલીક વિભૂતિઓ હોય છે. સંપદા કોને કહેવાય અને વિભૂતિઓ શું હોય છે ? સંપદા એને કહે છે કે જે બાપદાદાની છે. તેઓ એને મૂકીને ચાલ્યા જાય છે અને આપણે બેઠા બેઠા તે કમાણીને ખાધા કરીએ છીએ, આ સંપતતા છે. એ સ્ત્રીઓને પણ મળી જાય છે, બાળકોને પણ મળી જાય છે. એ કોઢવાળાઓને પણ મળે છે, આંધળાને મળે છે અને લૂલાને પણ મળી જાય છે.

મૂંગાબહેરાને પણ મળી જાય છે. મૂંગાબહેરા પણ ઘણીવાર જુગાર રમતા હોય છે અને લોટરી લગાડતા હોય છે. લોટરી લગાડયા પછી તેમાંથી તેમને રૂપિયા પણ મળે છે. કોને ખબર બાપદાદાની કમાણીમાંથી કોને શું શું મળતું હોય છે ? બાપદાદાની કમાણીમાંથી મિનિસ્ટરોનાં છોકરાછોકરીઓને એવા એવા કામ મળી જાય છે, એવા એવા ધંધા મળી જાય છે, જેના વડે તેમને ઘરે બેઠા લાખો રૂપિયાની આવક થતી રહે છે. આને શું કહે છે ? આને આપણે સંપત્તિ કહીએ છીએ.

કોઈની પાસે જમીન છે. ભગવાનની કૃપાથી તે વરસે સારો વરસાદ થઈ ગયો, તો બસ્સો કિવન્ટલ અનાજ પાકયું. એના ઢગલો પૈસા આવ્યા અને એને બેંકમાં જમા કરાવી દીધા. મકાન થઈ ગયું. પૈસાની રમત શરૂ થઈ ગઈ. આને હું શું કહું છું ? આ બધાને હું સંપત્તિ કહું છું. જમીનમાં દટાયેલી સંપત્તિ મળી શકે છે, બાપદાદા પાસેથી વારસામાં મળી શકે છે અને કોઈ મોટા માણસની કૃપા કે તેમના આશીર્વાદથી પણ મળી શકે છે. સંપત્તિ ગમે તે રીતે મળી શકે છે, પરંતુ સંપત્તિનું કોઈ મૂલ્ય નથી. મૂલ્ય વિભૂતિઓનું છે. જયાં પણ વિભૂતિઓ દેખાય, તો તમે જરૂર માનજો કે તે ભગવાનનો વિશેષ અંશ છે, જે વિશેષ અંશ તેમની અંદર છે તે વિશેષ અંશને જાગ્રત કરવો, તેને ઉદ્બોધન કરવાનું અને સૂતેલાને જગાડવાનું વિશેષ કાર્ય મારું તથા તમારું છું.

## વિભૂતિવાનો જાગે

સાથીઓ ! રાવણના ઘરમાં ઢગલાબંધ માણસો હતા. સાંભળ્યું છે કે એક લાખ બાળકો હતા અને સવા લાખ પૌત્રપૌત્રીઓ હતા, પરંતુ જ્યારે રામચંદ્રજી સાથે લડાઈ થઈ ગઈ અને બંને બાજુ સેનાઓ સામેસામે ઊભી રહી ગઈ ત્યારે તેણે જોયું કેક આપણી પાસે એક જ સહાયક, એક જ મજબૂત અને જબરદસ્ત માણસ છે. તેને જગાડવો જોઇએ અને તેને માનપાન આપવા જોઇએ. તેને માનપાન આપવામાં આવ્યા, તેને ઉઠાડવા લાગ્યા. આ માણસ કોણ હતો ? તેનું નામ હતું કુંભકર્ણ. તે છ મહિના સૂતો રહેતો હતો અને છ મહિના જાગતો હતો. રાવણ વિચાર આવ્યો કે જો કુંભકર્ણ જાગી જાય, તો બધાં જ રીંછ વાનરોને એક જ દિવસમાં મારીને ખાઈ જશે.

એક જ દિવસમાં તેમનો ખાતમો બોલાવી દેશે, લડવું પણ નહિ પડે અને રામચંદ્રજીની સેના પૂર્ણ રીતે નાશ પામશે. સાંભળવામાં આવ્યું છે કે એટલા માટે તેની ઉપર બળદ, ઘોડા અને હાથીઓને ચલાવવામાં આવ્યા હતા, જેથી કુંભકર્ણની ઊંઘ છ મહિના પહેલાં જ ઉડી જાય. જો તે તરત જાગી ગયો હો  ત, તો રામચંદ્રજીની સેના માટે મુસીબત ઊભી કરી દીધી હોત, પરંતુ ભગવાનની કૃપા એવી થઈ કે તે ઘણા સમય પછી જાગ્યો. ત્યાં સુધીમાં રાવણ યુદ્ધ હારી ચૂકયો હતો. એટલા માટે રાવણ મરાર્યો, મેઘનાદ મરાયો અને આખી લંકા ખેદાનમેદાન થઈ ગઈ.

## વિભૂતિવાનો જાગે

મિત્રો ! આપણે સમાજમાં સૂતેલા, ઘર કરી ગયેલાં કુંભકર્ણોને જગાડવાના છે. શું કુંભકર્ણોની ઉણપ છે ? ના, એમની ઉણપ નથી, પરંતુ તેઓ સૂતેલા છે. આપણું એક કામ એ પણ હોવું જોઇએ કે જયાં પણ તમને વિભૂતિવાન મનુષ્યો જવા મળે, તો તમારે એમની પાસે વારંવાર જવું જોઇએ અને વારંવાર એમના ગુણગાન ગાવા જોઇએ.

વિભૂતિવાન લોકોમાં એવા લોકો આવે છે, જેમને આપણે વિચારવાન કહીએ છીએ, સમજદાર કહીએ છીએ. સમજદાર મનુષ્યો આ તરફ આગળ વધે તો કમાલ કરી નાંખે છે અને પેલી બાજુ વળી જાય તો પણ કમાલ કરી નાંખે છે. મોહમ્મદઅલી ઝીણા ઘણા જ સમજદાર મનુષ્ય હતા તથા ઘણા બુદ્ધિશાળી પણ હતા. મલબાર હિલ ઉપર મુંબઈમાં તેમનો બંગલો હતો. તેમને ત્યાં તેમના જુનિયર તરીકે ચાલીસ વકીલો કામ કરતા હતા. મોહમ્મદઅલી ઝીણા ફકત દલીલો કરવા માટે જ હાઈકોર્ટમાં જતા હતા અને એક એક કેસના એ સમયે હજારો રૂપિયા વસૂલ કરતા હતા. મોતીલાલ નહેરુની કક્ષાના માણસ હતા. તેમનામાં બુદ્ધિ ઘણી જ હતી, અક્કલ કપણ ઘણી હતી. વધારે અક્કલવાળો મનુષ્ય આ તરફ ચલો તો પણ તકલીફ અને પેલી બાજુ ચાલે તો પણ તકલીફ. સાચું પણ કરી શકે અને ખોટું પણ કરી શકે, એવું જ થયું.

એક દિવસ મોહમ્મદઅલી ઝીણા ઊભા થઈ ગયા અને પાકિસ્તાનની વકીલાત કરવા લાગ્યા, પાકિસ્તાનની હિમાયત કરવા લાગ્યા, પરિણામ શું આવ્યું ? પરિણામ એ આવ્યું કે બધા જ પાક તરફીઓની અંદર તેમણે એક એવા બળવાના બીજ વાવી દીધાં, એવી લડાઈ ઉત્પન્ન કરી અને કોને ખબર બીજું શું શું કર્યું કે એક જ દેશના લોકો એકબીજાના ખૂની થઈ ગયા, દુશ્મન થઈ ગયા. ખૂની અને દુશ્મન બનીને જયાં ત્યાં તોફાન કરવા લાગ્યા. છેવટે ગાંધીજીને એ વાત મંજૂર કરવી પડી કે તમને પાકિસ્તાન આપીશું. નિર્ણય સાચો હતો કે ખોટો એ ચર્ચાનો વિષય નથી. વાસ્તવિકતા એ છે કે આ ઝેર કોણે ફેલાવ્યું ? આ ઝેર એણે ફેલાવ્યું, જેને આપણે સમજદાર અને બુદ્ધિશાળી કહેતા હતા, મોહમ્મદઅલી ઝીણા કહેતા હતા. આ તો હું ઉદાહરણ આપી રહ્યો છું. મનુષ્યોને ઉદાહરણ તો હું કઈ રીતે આપી શકું ? હું તો સમજદારીનું ઉદાહરણ આપી રહ્યો છું.

## અક્કલની સાચી કિંમત

જયાં પણ સમજદારી હશે તે કોને ખબર શું નું શું કરતી રહેશે ? સમજદાર માણસ આર્થિક ક્ષેત્રમાં જશે તો મોનાર્ક બનશે અને હેન્રી ફોર્ડ બની જશે. પહેલાં એ નાના નાના માણસો તા. નવસારી (ગુજરાત)નો એક નાનો સરખો માણસ, સામાન્ય માણસ અને સમજદાર માણસ જો વેપારના ક્ષેત્રમાં ચાલ્યો જશે, તો તેનું નામ જમશેદજી ટાટા કહેવાશે. રાજસ્થાનનો એક સામાન્ય માણસ જુગલકિશોર બિરલા બનશે. જો મનુષ્યની અંદર ઉંડાણપૂર્વકની સમજદારી હશે તો એક નાનો સરખો મનુષ્ય, સામાન્ય મનુષ્ય, બે કોડીનો મનુષ્ય જયાં પણ જશે ત્યાં પોતાની સમજદારી વડે કોઈ પરાક્રમ કરી બતાવશે.

મિત્રો ! ઊંડી સમજદારીની કિંમત ઘણી મોટી છે. ઉંડાણપૂર્વકની સમજણવાળા સુભાષચંદ્ર બોઝ પરાક્રમ બતાવતા રહયા. સરદાર પટેલ એક મામૂલી વકીલ હતા. દુનિયામાં એક નહિ, કેટલાય વકીલો થયા છે, પરંતુ પટેલે પોતાની ક્ષમતા અને પ્રતિભા જો વકીલાતમાં વેડફી નાંખી હોત, તો કદાચ પોતાની બુદ્ધિની કિંમત મહિનાના એક હજાર રૂપિયા સુધી વસૂલ કરી હોત અને એ રૂપિયા રાખ્યા પછી

માલદાર થઈ ગયા હોત અને તેમનો દીકરો કદાચ વિલાયત જઈને ભણી આવત અને એ પણ વકીલ થઈ શકયો હોત. તેમની હવેલી પણ બની હોત અને ઘરે મોટરો પણ હોત, પરંતુ એ જ સરદાર પટેલ પોતાની સમજદારી અને બુદ્ધિના કારણે ઊભા થઈ ગયા. ક્યાં ઊભા થઈ ગયા ? વકીલાત કરવા માટે. કોની વકીલાત કરવા માટે ? કોંગ્રેસની  વકીલાત કરવા માટે અને આઝાદીની વકીલાત કરવા માટે. જ્યારે તેઓ વકીલાત કરવા માટે ઊભા થઈ ગયા, તો કેવી જબરદસ્ત બૅરિસ્ટરી  કરી અને કેવી રીતથી તર્ક રજૂ કર્યા અને કેવી રીતે એમને એક હવા ઉત્પન્ન કરી કે હિન્દુસ્તાનની દિશા જ બદલી નાંખી અને કોને ખબર શું નું શું થઈ ગયું ?

મિત્રો ! અક્કલ ઘણી જબરદસ્ત છે અને મનુષ્યનો પ્રભાવ, જેને હું પ્રતિભા કહું છું, વિભૂતિ કહું છું એ વિભૂતિ ઘણી જ સમજદારીથી ભરેલી  છે. જો આ વિભૂતિ મનુષ્યની અંદર હોય, જેને હુ મનુષ્યનું તેજ કહું છું, ચમક કહું છું, તો મનુષ્ય જયાં પણ જશે, તે ટોપ રહેશે. તે ટોપથી નીચે ઉતરી જ નથી શકતો. સુરદાસ જ્યારે વેશ્યાગામી હતા, બિલ્વમંગલ હતા, ત્યારે તેમણે અતિ કરી નાંખ્યું હતું અને હદ બહાર જતા રહયા હતા. એટલી હદ સુધી કે તેમના પિતાનું શ્રાદ્ધ થઈ રહ્યું હતું ત્યાં સુધી પોતાની પત્નીના ખભા ઉપર બેસીને ગયા. જ્યારે તેમના પિતાજીનું શ્રાદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે વેશ્યાગમન માટે જતા રહયા. શ્રાદ્ધ કરવા માટે પણ ન આવ્યા હદ થઈ ગઈ.

## પ્રતિભાઓ હંમેશાં મોખરે રહે

અને તુલસીદાસ ? તુલસીદાસ પણ મોહમાં ફસાઈ ગયા હતા. એમની ક્ષમતા અને પ્રતિભા એમાં જ લાગેલી રહી. એકવાર તેમને તેમની પત્નીની યાદ આવી. તે પોતાના પિયર ગઈ હતી. નદી વહેતી હતી. તેઓ નદીમાં કૂદી પડયા. નદીમાં કૂદ્યા પછી જોયું કે હવે તો હું ડૂબવા લાગ્યો. આજુબાજુમાં કોઈ હોડી પણ ન હતી. એટલામાં કોઈ મડદું વહી આવતું દેખાયું, બસ, તેઓ તો મડદા ઉપર સવાર થઈ ગયા અને નદી પાર કરી લીધી. તેમની પત્ની અગાશી ઉપર સૂતી હતી. ત્યાં જવા માટે તેમને સીડી ન મળી, રસ્તો ન દેખાયો, ત્યાં વળી ઉપર એક સાપ લટકતો હતો. તેમણે સાપને પકડયો અને તેનાં વડે છત ઉપર પહોંચી ગયા.

કોણ પહોંચી ગયું ? તુલસીદાસ. આ જ તુલસીદાસ જ્યારે હિંમતવાળા, સાહસવાળા તુલસીદાસ બની ગાય, પ્રતિભાશાળી તુલસીદાસ બની ગયા, તો તેઓ સંત થઈ ગયા.

આવી જ રીતે સુરદાસ, પ્રતિભાશાળી અને હિંમતવાળા સુરદાસ જયો ઊભા થઈ ગયા અને જે દિશા તેમણે પકડી તેમાં તેમણે ટોપ કર્યું. સુરદાસે જ્યારે પોતે પોતાને સંભાળી લીધા અને પોતાની જાતને બદલી નાંખી ત્યારે તેઓ ટોપ બન્યા. ટોપથી ઓછામાં તો તેઓ રહી જ ન શકે. એ જ બિલ્વમંગલ જ્યારે વેશ્યાગામી હતો ત્યારે પહેલા નંબરનો અને જ્યારે સંત બન્યો ત્યારે પણ પહેલા નંબરનો. સંત પહેલા નંબરના શા માટે ? એટલા માટે કે તેઓ ભગવાનના ભક્ત બની ગયા અને એવા ભક્ત બની ગયા, તેમણે એવાં કામ કરી બતાવ્યાં, જે જોઈને આપણને અચંબો થાય છે. હિંમતવાળા અને દિલેર મનુષ્યો જે કાર્ય કરી શકે છે તે સામાન્ય મનુષ્ય કરી શકતો નથી. તેમણે પોતાની આંખો ગરમ મળિયા ખોસીને ફોડી નાંખી.

શું તમે અને હું આવું કરી શકીએ ? ન કરી શકીએ. આવું કોઈ દિલેર મનુષ્ય જ કરી શકે છે. તેમણે હિંમત અને તન્મયતાની સાથે એવી દૃઢ ભકિત કરી કે શ્રીકૃષ્ણ ભગવાનને દોડીને આવવું પડયું અને બાળકના રૂપમાં તેમને તેઓ પોતાના ઇષ્ટદેવ માનતા હતા, એ જ રૂપમાં આવીને તેમને મદદ કરવી પડી.આંખોથી આંધળા સુરદાસની લાકડી પકડીને સંડાસ બાથરૂપ કરાવવા માટે, સ્નાન કરાવવા માટે ભગવાન લઈ જતા હતા અને બધી જ વ્યવસ્થા કરતા હતા. ભગવાન તેમની નોકરી કરતા હતા.

કયા સુરદાસની ? તે સુરદાસની, જે પ્રતિભાવાન હતા. હું કોની પ્રશંસા કરી રહ્યો છું ? ભકિતની ? ભકિતની પછીથી, સૌ પ્રથમ પ્રતિભાની, સમજદારીની, હું પ્રતિભાની વાત કરી રહ્યો છું. પ્રતિભા પોતે એક જબરદસ્ત વસ્તુ છે. તે જે કોઈ દિશામાં વળી જશે, જયાં પણ જશે ત્યાં પહેલા નંબરનું કામ કરશે. તુલસીદાસે શું કામ કર્યું ? તુલસીદાસે પોતાની દિશાને બદલી નાંખી. જ્યારે તેમની પત્નીએ કહ્યું કે આ તમારે યોગ્ય નથી. શું તમે આ પ્રકારની વાસનામાં તમારી જિંદગી પૂરી કરી નાખશો ? તમારે ભગવાનની ભકિતમાં લાગી જવું જોઇએ અને જેટલો પ્રેમ તમે મને કરો છો

એટલો જ ભગવાનને કરો, તો મજા આવી જશે અને તમારી જિંદગી બદલાઈ જશે. આ વાતનું તેમને લાગી આવ્યું. તમને અને અમને આવી અસર થાય ખરી ? ન થાય. આપણી પત્નીઓ સો સો ગાળો દેતી રહે છે અને છતાં પણ આપણે એમને એમ હાથ-મોં ધોઈને આવી જઈએ છીએ. તે પાછી ફરીથી અપશબ્દો કહે છે ત્યારે ગુસ્સો કરીને ચાલી જઈએ છીએ અને કહીએ કે હું હવે ક્યારેય તારા ઘરે નહિ આવું અને બસ, જતા રહીએ છીએ અને દુકાન ઉપર બેસીને બીડી પીતા રહીએ છીએ. સાંજે ફરીફરીને પાછા આવી જઈએ છીએ. કેમ પાછા આવી ગયા ? આવી ગયા, કેમ કે તેનામાં એ વસ્તુ છે જ નહિ. જેને જિંદગી કહે છે.

## જિંદગીવાળા માનવો -મહામાનવો

મિત્રો ! જિંદગીની કિંમત ઘણી જ છે. જિંદગીની કિંમત લાખો રૂપિયાની છે, કરોડો રૂપિયાની છે. અબજો રૂપિયાની કિંમત છે. તુલસીદાસ પણ જિંદગીવાળા મનુષ્ય હતા. વાસનાને માટે જ્યારે વ્યાકુળ થયા તો એવું થયું કે ફકત હેરાન જ હેરાન. પરેશાન જ પરેશાન અને જ્યારે ભગવાનની ભકિતમાં લાગ્યા, તો મારા તમારા જેવી ભકિત નહોતી. માળા આ બાજુ ફરી રહી છે મન પેલી બાજુ ફરી રહ્યું છે. અહીં મણકા ફરી રહ્યા છે અને ત્યાં માથું ખંજવાળવામાં આવી રહ્યું હોય. અહીં ભજન કરતા હોઈએ અને ત્યાં પીઠ ખંજવાળતા હોઈએ. ભલા, આવી તો કાંઈ ભકિત હોય ખરી ? તુલસીદાસજીએ ભકિત કરી તો કેવી મજાની ભકિત કરી કે બસ, પીપળાના ઝાડ ઉપરથી, બીલીના ઝાડ ઉપરથી કોણ આવ્યું ? ભૂત આવ્યું. એમણે કહ્યું કે મને ભગવાનના દર્શન કરાવો. એ ભૂતે કહ્યું કે ભગવાનના તો કરાવી ન શકું. હનુમાનજીના કરાવી શકું. સારું ! તો હનુમાનજીનાં કરાવો.

હનુમાનજી ત્યાં રામાયણ સાંભળવા જતા હતા, તેમણે તેમના દર્શન કરાવી દીધાં. તુલસીદાસજીએ હનુમાનજીને પકડી લીધા અને કહ્યું કે મને રામચંદ્રજીના દર્શન કરાવી દો. તમે વાંચ્યું છે તુલસીદાસજીનું જીવન ? તેમણે એવું શું કર્યું કે જે રામચંદ્રજીનું નમ લેતા હતા તેમને મેળવીને જ જંપ્યા. તેમણે કહ્યું કે રામચંદ્રજીનું પણ ઠેકાણું નથી અને મારું પણ ઠેકાણું નથી.

બંનેએ એક થવું પડશે. કાં તો રામચંદ્રજી રહેશે કાં તો હું ! કા તો રામચંદ્રજી રહેશે અથવા તો હનુમાનજી રહેશે ! હું તો મેળવીને જ જંપીશ. ભલા, એવું તો કઈ રીતે બની શકે કે હું હનુમાન ચાલીસાના પાઠ કરું અને હનુમાનજી ભાગી જાય અને પકડાય નહિ ? પકડમાં કેમ નહિ આવે ? હનુમાનજીને જરૂર પકડમાં આવવું પડશે. હનુમાનજી ચોકકસ પકડમાં આવી ગયા, ફકત હનુમાનજી જ પકડમાં ન આવ્યા, હનુમાનજીના બાપા રામચંદ્રજી પણ પકડમાં આવી ગયા. તેમણે બંનેને પકડી લીધા. કોણે પકડી લીધા ? તુલસીદાસે. હું અને તમે પકડી શકીએ ખરા ? હું અને તમે ન પકડી શકીએ. ભૂતને તો પકડી શકીએ ને ? ન પકડી શકીએ. હનુમાનજીને પકડી શકીશું ? ના, હનુમાનજી પણ પકડમાં નહિ આવે અને રામંચદ્રજી તો ભલા પકડમાં કઈ રીતે આવી શકે ? તેઓ પણ નહિ આવે.

## જો બદલો, તો ગજબ થઈ જશે

મિત્રો ! શું કારણ છે આનું ? આપણાં અને તુલસીદાસજીની વચ્ચે શો તફાવત છે ? એક તફાવત છે. નાક, કાન, આંખ, દાત અને હાથપગ બધું જ બરોબર છે, પરંતુ એક વસ્તુ જે એમની અંદર હતી તે આપણી અંદર નથી. તે વસ્તુને હું જિંદગી કહું છું. જેને હું પ્રતિભા કહું છું, જેને હું વિભૂતિ કહું છું, જેને હું લગન કહું છું, તન્મયતા કહું છું, ચીવટ કહું છું એ ચીવટ મિત્રો !જયાં પણ જશે ત્યાં તે ઘણું જ શાનદાર કાર્ય કરશે અને ખોટી દિશા પકડી હશે તો પણ કામ કરી રહી હશે.

અંગુલિમાલ એક નંબરનો ડાકુ હતો. તેણે એવા સોગંદ ખાધા હતા કે ફોગટમાં કોઈનો પૈસો નહિ લઉં. આંગળીઓ કાપી કાપીને તેની માળા બનાવીને તે દરરોજ દેવીમાને ચઢાવતો હતો. જો કોઈ કહેતું કે અરે ભાઈ ! પૈસા લઈ લે, પરંતુ મારી આંગળી શું કામ કો છે ? તે કહેતો કે હું ફોગટમાં, દાનમાં કશું નથી લેતો. પહેલા તારી આંગળી કાપીશ તો મારી મહેનત થઈ જશે. પછી એ મહેનતના પૈસા લઈ લઈશ. એમ જ મફતમાં કોઈના પૈસા કેવી રીતે લઈ શકું ? આવી રીતે તે દરરોજ આંગળીઓ કાપીને તેની માળા દેવીને પહેરાવતો હતો. કોણ ? ખૂંખાર અંગુલિમાલ ડાકુ, પરંતુ જ્યારે તે બદલાયો., તો કેવો જબરદસ્ત બદલાયો તેની તમને ખબર છે ને ?

સંત બની ગયો તો તેણે હિન્દુસ્તાનમાંથી બહાર નીકળીને સમગ્ર વિશ્વમાં, મિડલ ઈસ્ટમાં એવાં કાર્યો કર્યાં કે બસ, સૌને આશ્ચર્યચકિત કરી દીધાં, તે જયાં પણ ગયા ત્યાં પોતાના પ્રભાવ વડે દુનિયા બદલતા ગયા.

મિત્રો ! જેમની અંદર ક્ષમતાઓ છે, જેમની અંદર પ્રતિભાઓ છે, તે ક્યાંથી કયાં પહોંચી શકે છે. આમ્રપાલી જયાં સુધી વેશ્યા હતી તો પહેલા નંબરની હતી. રાજકુમાર, રાજાઓથી માંડીને શેઠ શાહુકાર સુધ્ધાં તેની એક નજર પામવા માટે બેસુમાર રૂપિયા ખર્ચી નાંખતા હતા અને તેના ગુલામ થઈ જતા હતા, પરંતુ જ્યારે આમ્રપાલી પોતાની કરોડોની સંપત્તિને લઈને ભગવાન બુદ્ધની પાસે જતી રહી, તો કોને ખબર શું બની ગઈ અને શોક સમ્રાટ એવો ખૂની હતો કે તેણે કુટુંબના કુટુંબ સમાપ્ત કરી નાખ્યાં હતા. બધાં જ શાહી કુટુંબોને તેણે એક પછી એક મરાવી નાખ્યા હતા. મુસલમાનોએ તો એકાદને માર્યો હતો, આણે તો કોઈને પણ જીવતા નહોતા છોડયા. આવો ખૂની હતો અશોક. તેણે ચંગેઝખાન, નાદિરશાહ અને ઔરંગઝેબ બધાને પાછળ પાડી દીધા હતા. જયાં પણ હુમલો કર્યો, ત્યાં લોહીની નદીઓ વહેવડાવતો ગયો.

પરંતુ મિત્રો ! જ્યારે તેનામાં સુધાર આવ્યો ત્યારે તે બદલાયો. જ્યારે પોતે પરિવર્તન પામ્યો ત્યારે તે શું બની ગયો ? સમ્રાટ અશોક બન્યો, જેણે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો અને બૌદ્ધ સંઘનું સંપૂર્ણ સંચાલન કર્યુ. આજે આપણા ધ્વજ ઉપ ર અને આપણા સિક્કા-નોટો ઉપર ત્રણ સિંહની મુદ્રાનું જે નિશાન છે તે સમ્રાટ અશોકનું નિશાન છે અને આપણા રાષ્ટ્રધ્વજ ઉપર ચોવીસ આરાવાળું ચક્ર તે શું છે ? આ સમ્રાટ અશોક દ્વારા પ્રવર્તાયેલ અને પ્રતિપાદિત કરેલ ધર્મચક્રપ્રવર્તન છે, જેને આપણે રાષ્ટ્રધ્વજ ઉપર સ્થાન આપ્યું છે.

## જીવંત છતાં મડદાં

મિત્રો ! ભગવાન જયા પણ પોતાનો અંશ મૂકે છે, વિભૂતિ મૂકે છે તેની અંદર ચમક હોય છે, લગન હોય છે, તડપ હોય છે અને મડદાં ? મડદાં મારા અને તમારા જેવાં હોય છે. શ્વાસ લીધા કરે છે.

જ્યારે ભગવાનની પૂજા કરે છે ત્યારે પણ માથું ડોલાવ્યા કરે છે અને શ્વાસ લેતા રહે છે. સેવા કરવા જાય છે, તો ત્યાં પણ આળસુની જેમ પડયા રહે છે. સત્સંગ કરવા, શિબિર કરવા આવે છે, તો અહીં પણ માસીજી-માસાજીની યાદ હેરાન કરે છે.

મિત્રો ! આ શું હોય છે ? આ હું કોની વાર્તાઓ સંભળાવી રહયો છું ? મડદાંની. જીવતા મનુષ્યોની પણ કહી રહયો છું. તમને જવાબદારીનું એક કામ સોંપું છું કે જયાં પણ તમને જીવંત મનુષ્ય દેખાય, ઝિંદાદિલ મનુષ્ય દેખાય એની પાસે તમે જજો. તમે તેને મારો સંદેશ આપજો અને માનપાન આપજો અને એવું કહેજો કે ભગવાને તમને જે વિશેષતાઓ આપી છે, તમારી અંદર જે પ્રતિભા છે, જે ક્ષમતા છે અને જે વિશેષતા છે તેના માટે ભગવાને તમને નિમંત્રણ આપ્યું છે, સમયે નિમંત્રણ આપ્યું છે, યુગે નિમંત્રણ આપ્યું છે, પીડિત માનવતાએ નિમંત્રણ આપ્યું છે અને નિમંત્રણ આપ્યું છે મનુષ્યજાતિના અદ્દશ્ય થઈ રહેલા ભવિષ્યએ અને એવું કહ્યું છે કે જીવતા રહેવા માટે ફકત પેટ ભરવું પૂરતું નથી. પેટ તો માખીમચ્છર પણ ભરી લે છે. કોઈએ જલેબી ખાધી તોય શું અને કોઈએ મકાઈનો રોટલો ખાધો તોય શું ? ખાવા માટે મનુષ્યને જન્મ આપવામાં આવ્યો નથી. બાળકો પેદા કરવા માટે મનુષ્યને પેદા નથી કર્યો. ખાવા માટે, ઓલાદ પેદા કરવા માટે સુવરને પેદા કરવામાં આવ્યું છે. જે એક વર્ષમાં બાર બાર બચ્ચાં પેદા કરી નાંખે છે. ગંદી, સડેલી વસ્તુઓ ખાઈને પણ તગડું થઈને ફરતું રહે છે. પેટ ભરાઈ જાય તો નસકોરાં બોલાવતું પડયું રહે છે. પેટ ભરવા માટે મનુષ્યને પેદા કરવામાં આવ્યો નથી.

## મારા સંદેશાવાહક બનો

મિત્રો ! ઇન્સાનનો જન્મ મોટા કામોને માટે થયો છે. મનુષ્યનો જન્મ કેટલાય લાખ યોનિઓમાંથી પસાર થયા પછી મળે છે. એકાએક કયાં મળે છે ? એટલા માટે મિત્રો ! ત્યાં મારો સંદેશો લઈને જજો, યુગનો સંદેશો લઈને જજો. સમયની માંગ લઈને જજો અને કહેજો કે તમને સમયે બૂમ પાડી છે, યુગ બોલાવી રહયો છે, રાષ્ટ્ર બોલાવી રહ્યું છે, ગુરુજીએ બોલાવ્યા છે. જો તમારે કાન હોય, જો તમારી અંદર દિલ હોય, તો તમે તેમનો અવાજ સાંભળી શકશો.

જો તમારી પાસે  કાન નથી. દિલ નથી, તો હું શું કહી શકું ? પછી કયો માણસ સાંભળશે ? આપણે રામાયણની કથા સાંભળીએ છીએ અને જેવા આવ્યા હતા એવા કપડાં ખંખેરીને ઘેર પાછા ફરીએ છીએ. આપણે ભાગવતની કથા સાંભળીએ છીએ. વ્યાખ્યાન સાંભળીને આવીએ છીએ, અને જેવા આવીએ છીએ તેવા કપડાં ખંખેરીને પાછા ફરીએ છીએ. લીસા ઘડાની જેમ મારી તમારી ઉપર કોઈ પ્રભાવ પડતો નથી.

મિત્રો ! આપ જયાં જાઓ ત્યાં લોકોને એ કહેજો કે જો તમારી અંદર ઝિંદાદિલી હોય, તો તમારે સમયની માંગને સાંભળવી જોઇએ. સમયની માંગને પૂરી કરવી જોઇએ, યુગની માંગને પૂરી કરવી જોઇએ અને મહાકાલે, ભગવાને તમને જયાં બોલાવ્યા છે ત્યાં તમારે જવું જોઇએ.

હનુમાનજી ભગવાનનો પોકાર સાંભળીને નીકળી પડયા હતા, રીંછ અને વાંદરા નીકળ્યા હતા, ખિસકોલીઓ નીકળી હતી. તમારે માટે શું આ શક્ય નથી ? લોભ અને મોહ વડે બંધાયેલા એવા તમે વાસના અને તૃષ્ણાના બંધનોને કાપીને અંગદની જેમ ચાલવા માટે તૈયાર છો ?

મિત્રો ! હું તમને અંગદની જેમ જ સંદેશવાહક બનાવીને મોકલવા ઇચ્છુ છું. મારા ગુરુએ મને સંદેશવાહક બનાવીને મોકલ્યો. હિંદુસ્તાનની બહાર ઘણીવાર અંગદની જેમ હું ફકત સંદેશવાહકના રૂપમાં જ ગયો છું.

મેં કોઈ વ્યાખ્યાન નથી આપ્યા કે નથી કોઈ સંગઠન કર્યુ. સમગ્ર વિશ્વમાં, વિદેશોમાં, કોને ખબર કયાંનો ક્યાં ગયો, પરંતુ તમારા ગુરુનો સંદેશો લઈને ગયો. મેં લોકોને કહ્યું કે તમે પોતાને બદલી નાંખો. સમય બદલાઈ રહ્યો છે, પરિસ્થિતિઓ બદલાઈ રહી છે. કોઈની પણ પાસે ધન રહેવાનું નથી.

આગામી દિવસોમાં તમે જોશો કે ધન કઈ રીતે ગૂમ થઈ જવાનું છે. રાજાઓના રાજય કેવી રીતે જતા રહયાં તે તમે અને મેં જોઈ લીધું. તમે જોયું કે થોડા દિવસો પહેલાં જે લોકો રાજા કહેવાતા હતા, સોના ચાંદીની તલવારો લઈને હાથી ઉપર સવારી કરતા હતા તેઓ આજે કઈ રીતે પોતાના માટે બે ટંકના ખાવાનો પ્રબંધ કરી રહયા છે.

સાથીઓ ! જયાં પણ જાઓ ત્યાં તમે લોકોને કહેજો કે સમય ઘણો જ જબરદસ્ત છે, સમય સૌથી મોટો છે, ધન મોટું નથી. જેવી રીતે મારા ગુરુજીએ એમનો સંદેશો લઈને સમગ્ર દુનિયાના મનુષ્યોની પાસે અને ભાવનાશીલ મનુષ્યોની પાસે મને મોકલ્યો, તેવી રીતે તમને પણ જયાં વિભૂતિઓ જોવા મળે ત્યાં મારા સંદેશવાહકના રૂપમાં જજો.

## સવેળા બદલાઈ જાઓ

મિત્રો ! તમારે સમયની પહેલાં બદલાઈ જવું જોઇએ, નહિ તો તમારે વધારે પશ્ચાતાપ કરવો પડશે. જ્યારે કોઈ ડાકુ વસ્તુઓ છીનવીને લઈ જાય છે ત્યારે મનુષ્યને ખૂબ અફસોસ થાય છે, પરંતુ પોતાના હાથે કોઈ ભિખારીને આપી દે છે, સ્કૂલનું મકાન બાંધવા માટે આપી દે છે ત્યારે તેને સંતોષ થાય છે. પૈસા તો જતા રહયા ને ! ભલેને તે ડાકુ લઈ ગયો હોય કે પછી સ્કૂલ બનાવવા માટે આપ્યા હોય. પોતાની જાતે પોતાની ઇચ્છાથી આપવામાં સંતોષ મળે છે. એટલે તમારે લોકોને એ કહેવા માટે જવાનું છે કે હવે યુગ બદલાઈ રહયો છે.

યુગની ધારાઓ બદલાઈ રહી છે. ધનના વિષયમાં મૂલ્યાંકન બદલાઈ રહ્યું છે. લોકોની પાસે ધન રહેવાનું નથી. ઘણી જ ઝડપથી ધન જતું રહેવાનું છે. તમે જોતા નથી કે સરકાર શું કરી રહી છે ? મૃત્યું ઉપર ટેકસ લાગી રહયો છે, સંપત્તિ ઉપર ટેકસ લાગી રહયો છે અને બીજા અનેક ટેકસ લાગી રહયા છે.

હવે આવનારા દિવસોમાં જે ગવર્નમેન્ટ આવવાની છે, જે સમય આવવાનો છે તેમાં રશિયા જેવો કાનૂન લાગુ પડશે. મારે અને તમારે બધાએ મહેનત કરવીપડશે, પરિશ્રમ કરવો પડશે અને તે મહેનતના બદલામાં જેટલો ખોરાક મળવો જોઇએ, જેટલી રોટલી મળવી જોઇએ તે મળી જશે.

સાથી ! લોકોને કહેજો કે તમને ભગવાને જે વિભૂતિઓ આપી છે, ક્ષમતાઓ આપી છે તેમનો તમે ફાયદો ઉઠાવી શકો છો, લાભ મેળવીશ કો છો. જીવાત્માને શાંતિ આપી શકો છો.

જીવાત્માની શાંતિને માટે, પુણ્યને માટે પોતાની જાતને તૈયારી કરી લેવી જોઇએ, જેથી તમારું અંતઃકરણ શાંત રહે અને સમાજને પણ તમારા તરફથી અનુદાન મળે અને તમારું મસ્તક પણ વર્ગથી ઊંચું રહે. સમય કરતાં વહેલો હું અંગદની જેમ તમારી પાસે એટલા માટે આવ્યો છું કે જેથી એ જણાવી શકું કે તમારે સમયની સાથે બદલવાનું છે અને લાભ ઉઠાવવાનો છે.

એટલા માટે મિત્રો ! જયાં પણ તમને ક્ષમતા જોવા મળે, પ્રતિભા નજર પડે ત્યાં તમે મારા સંદેશવાહકના રૂપમાં જજો અને ભારપૂર્વક તેને પ્રાર્થના કરજો, અનુરોધ કરજો. ભૂતકાળમાં મેં વિભૂતિવાનોને સંબોધન કર્યું હતું અને તેમને આહ્વાન કર્યું હતું કે સમાજને આપની જરૂર છે. યુદ્ધનો સમય જ્યારે આવે છે, ત્યારે નવયુવાનોની ભરતી ફરજિયાત કરવામાં આવે છે અને જે ઘરડા લોકો હોય છે તેમને એક બાજુ રાખવામાં આવે છે. લડાઈમાં બધા જ નવયુવાનોની, પહોળી છાતીવાળાઓની સેનામાં ભરતી કરી દેવામાં આવે છે. મિત્રો ! જે નવયુવાન છે, પ્રતિભાવાન છે, વિભૂતિવાન છે તેમને મારો સંદેશો કહેજો, પરંતુ જે લોકો માનસિક દૃષ્ટિથી ઘરડા થઈ ગયા છે, તે યુવાન હોય તો પણ શું ? સફેદ વાળવાળા બુઢ્ઢા હોય તો પણ શું ? મારે એમની જરૂર નથી. શા માટે ? કેમ કે તેઓ મોતના શિકાર છે. જ્યારે મોતને ચારાની જરૂર ઊભી થાય છે ત્યારે તેઓ તેનો ખોરાક બની જાય છે.

## યુગ નિર્માણ યોજના : એક દ્રષ્ટિમાં

### આપણાં લક્ષ્ય તથા ઉદ્દેશ્ય :

મનુષ્યમાં દેવત્વનો ઉદય, ધરતી પર સ્વર્ગનું અવતરણ

- સ્વસ્થ શરીર, સ્વચ્છ મન, સભ્ય સમાજ,
- આત્મવત્ સર્વભૂતેષુ, વસુધૈવ કુટુંબકમ્
- એક રાષ્ટ્ર, એક ભાષા, એક ધર્મ, એક શાસન,

**આપણાં આધાર :**

· વ્યક્તિ નિર્માણ, પરિવાર નિર્માણ, સમાજ નિર્માણ

· નૈતિક ક્રાંતિ, બૌદ્ધિક ક્રાંતિ, સામાજીક ક્રાંતિ,

· ધર્મતંત્રથી લોકશિક્ષણ (વિચારક્રાંતિ)

**આપણો ઉદ્દઘોષ :**

· અમે બદલાઈશું – યુગ બદલાશે,

· અમે સુધરીશું-યુગ સુધરશે.

**આપણું પ્રતિક :**

લાલ મશાલ- જ્ઞાન યજ્ઞ, (પ્રકાશ વિતરણ)ના

સામૂહિક સશક્ત પ્રયાસ.

**આપણું સંવિધાન :**

યુગ નિર્માણ સત્સંકલ્પ

**અમારી અટલ માન્યતાઓ :**

મનુષ્ય પોતાના ભાગ્યનો નિર્માતા પોતે છે.

જે જેવું વિચારે અને કરે છે, તે તેવા બની જાય છે.

**આત્મ નિર્માણના બે સુત્ર :**

શ્રેષ્ઠ ચિંતન, આદર્શ કર્ત્તૃત્વ

**જીવન નિર્માણના ચાર સ્તંભ :**

સાધના, સ્વાધ્યાય, સંયમ, સેવા

**આધ્યાત્મિક જીવનના ત્રણ આધાર :**

ઉપાસના, સાધના, આરાધના,

**પ્રગતિશીલ જીવનના ચાર ચરણ :**

સમજદારી, ઈમાનદારી, જવાબદારી, બહાદુરી

**સંયમશીલતાના ચાર સ્તંભ :**

ઈન્દ્રિય સંયમ, સમય સંયમ, અર્થ સંયમ, વિચાર સંયમ

**આત્મિક પ્રગતિના ચાર ચરણ :**

આત્મ ચિતન, આત્મ સુધાર, આત્મ નિર્માણ, આત્મ વિકાસ

**પરિવાર નિર્માણના પંચશીલ :**

શ્રમશીલતા,

સુવ્યવસ્થા,

શાલીનતા (શિષ્ટતા),

સહકરિતા,

કરકસર

**ત્રણ શરીર :**

સ્થૂળ, સૂક્ષ્મ, કારણ.

ત્રણ સાધના :

જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ,

માનવી સત્તાના ત્રણ પક્ષ :

ભાવના, વિચારણા, ક્રિયા-પ્રક્રિયા.

ઉપરોક્ત ત્રણના સુધાર માટે સાધન

શ્રદ્ધા, પ્રજ્ઞા, નિષ્ઠા,

ત્રણને સુધારો : ગુણ, કર્મ, સ્વભાવ,

ત્રણને વિકસાવો : ચિંતન, ચરિત્ર, વ્યવહાર

ત્રણને ત્યાગો :

લોભ, મોહ, અહંકાર.

વાસના, તૃષ્ણા, અહેતા.

પુત્રૈષણા, વિતૈષણા, લોકૈષણા.

ત્રણને ધારણ કરો :

ઓજસ, તેજસ, વર્ચસ.

ત્રણ સન્માનનીય : સંત, સુધારક, શહીદ.

# આપણો ઉદ્‌ઘોષ :

# એકવીસમી સદી ઉજ્જવળ ભવિષ્ય.